# ભારત-ચીનની વચ્ચે આજથી કોર્પ્સ કમાન્ડ સ્તરની વાતચીત

નવી દિલ્હી, તા. ૨૩

ભારત અને ચીનની વચ્ચે બે મહિનાથી વધુ ચાલેલ ઉચ્ચસ્તરીય સૈન્ય સંવાદ બાદ નવમા તબક્કાની કોર્પ્સ કમાન્ડ સ્તરીય આગામી વાતચીત રવિવાર ફરીથી શરૂ થશે. બેઠકનું લક્ષ્ય પૂર્વ લદ્દાખમાં નવ મહિનાથી ચાલી રહેલા તણાવનું સમાધાન કાઢવાનું છે. એક અધિકારીએ માહિતી આપી કે આ ઉચ્ચ સ્તરીય બેઠક રવિવારના રોજ થશે. સૂત્રો એ કહ્યું કે બેઠક માટે રૂપરેખા અને ભારતના પક્ષ પર કામ ચાલી રહ્યું છે. તેમાં કેટલાંક ફેરફાર આવી શકે છે. છેલ્લી કેટલીય બેઠકોની જેમ વિદેશ મંત્રાલયના પ્રતિનિધિ પણ આ બેઠકનો હિસ્સો હશે. સત્તાવાર સૂત્રોએ માહિતી આપી કે આ બેઠક ચુશૂલ સેક્ટરની સામે ચીનની તરફ મોલ્ડોમાં થશે. બંને દેશો એ સરહદો પર મોટી સંખ્યામાં સૈન્ય બળ,તોપો અને હથિયારો તૈનાત કરી દીધા છે. સરહદ પર કેટલાંક વિસ્તારોમાં તાપમાન શૂન્યથી ૩૦ ડિગ્રી સેલ્સિયસ નીચે આવી ચૂકયું છે તેમ છતાંય સૈન્ય બળની હાલની સંખ્યામાં ઘટાડો આવ્યો નથી. શિયાળા દરમ્યાન સરહદ પર શાંતિ બની રહી પરંતુ તણાવ ઓછો થયો નથી.

# લાલુ યાદવની તબિયત વધુ લથડી, ફેફસામાં પાણી ભરાયું

**શુક્રવારે રાતે રાબડી દેવી, તેજસ્વી યાદવ, અને તેજ પ્રતાપ યાદવ, મીસા ભારતીએ લાલુ યાદવની મુલાકાત લીધી**

રાંચી, તા. ૨૩

રાંચી ની રિમ્સમાં સારવાર કરાવી રહેલા લાલુ પ્રસાદ યાદવની સ્થિતિ ચિંતાજનક બની છે. બિહારના પૂર્વ મુખ્યમંત્રી લાલુ પ્રસાદ યાદવના દીકરા તેજસ્વી યાદવે કહ્યું કે પિતાના ફેંફસામાં પાણી ભરાઇ ગયું છે અને તેમનો ચહેરો સૂજી ગયો છે. લાલુ યાદવની તબિયતને જોતા તેમને દિલ્હી એઈમ્સમાં દાખલ કરી શકે છે.

આ બધાની વચ્ચે મોડી રાત્રે પૂર્વ મુખ્યમંત્રી રાબડી દેવી, પૂર્વ ડેપ્યુટી મુખ્યમંત્રી તેજસ્વી યાદવ, અને પૂર્વ મંત્રી તેજ પ્રતાપ યાદવ, મીસા ભારતી એ લાલુ યાદવની મુલાકાત લીધી. અડધી રાત્રે લાલુ યાદવ સાથે મુલાકાત કર્યા બાદ તેજસ્વી યાદવે કહ્યું કે લાલુ યાદવની તબિયત ચિંતાજનક બનેલી છે.

# હવે રેલવે વિભાગ તમારો સામાન ઘરેથી સ્ટેશન અને સ્ટેશનથી ઘરે પહોંચાડશે

**અમદાવાદ રેલવે સ્ટેશન પર ૨૬ જાન્યુઆરી સુધીમાં આ સેવા શરુ થશે : સામાન ફેરવવાની ઝંઝટમાંથી છુટકારો**

ન્યુ દિલ્હી,તા.૨૩

નવા વર્ષમાં ટ્રેનમાં સફર કરનારા યાત્રીઓ માટે મોટા સમાચાર આવી રહ્યા છે. આ નવા વર્ષથી રેલવેના મુસાફરોને પોતાનો સામાન ફેરવવાની ઝંઝટમાંથી છુટકારો મળવા જઈ રહ્યો છે.સામાન્ય રીતે રેલવામાં મુસાફરી કરતા ઘણા લોકોને ઘરેથી રેલવે સ્ટેશન સુધી અને રેવલે સ્ટેશનથી ઘર સુધી સામાન પહોંચાડવાની ચિંતા હોય છે. તેમાં પણ જ્યારે ટ્રેનમાં ચડવાની વાત આવે ત્યારે રીતસર ઘાંઘા થવાનો વારો આવે છે. ત્યારે હવે રેલવે વિભાગ તમારો સામાન ઘરેથી સ્ટેશન અને સ્ટેશનથી ઘરે પહોંચાડશે.

ભારતીય રેલવેએ એક પહેલ કરી છે. જે ટૂંક સમયમાં જ અમલી બની જશે. આ પહેલ પ્રમાણે યાત્રીઓ એક એપના માધ્યમથી બૂકીંગ કરાવી શકશે. ત્યારબાદ તેમનો સામાન ઘરેથી સ્ટેશન અથવા તો સ્ટેશનથી ઘર સુધી પહોંચાડવામાં આવશે.

થોડા દિવસો પહેલા રેલવે મંત્રાલયે પૂર્વ-મધ્ય રેલવેને આ સેવા માટેની મંજૂરી આપી છે. આ સેવા શરુ કરવાની જવાબદારી અત્યારે બૂક એંડ બેગેજસ ડોટ કોમ નામની એજન્સીને સોંપવામાં આવી છે. કોઈ પણ યાત્રી આ એજન્સીના એપ પરથી અથવા તો રેલવે વેબસાઈટ પરથી પોતાનો સામાન બૂક કરાવી શકે છે. જેના માટે તમારે સામનનો વજન, સાઇઝ અને અન્ય બીજી માહિતિ આપવાની રહેશે.

## ચૂંટણીઓ જાહેર

● અનુસંધાન પહેલાનું ચાલુ

આ દરમિયાન મહાનગરપાલિકાના ઉમેદવાર ૯ ફેબ્રુઆરી સુધીમાં પોતાની ઉમેદવારી પરત ખેચી શકશે તથા જિલ્લા/તાલુકા પંચાયત/નગરપાલિકાના ઉમેદવાર ૧૬ ફેબ્રુઆરી સુધીમાં પોતાની ઉમેદવારી પરત ખેચી શકશે.

રાજ્યની ૬ મહાનગરપાલિકાના લોકો ૨૧/૨/૨૦૨૧ રવિવારના રોજ સવારે ૭ વાગ્યાથી સાંજે ૬ વાગ્યા સુધી મતદાન કરી શકશે. જ્યારે ૩૧ જિલ્લા પંચાયત, ૨૩૧ તાલુકા પંચાયત અને ૮૧ નગર પાલિકાના લોકો ૨૮/૨/૨૦૨૧ રવિવારના રોજ સવારે ૭ વાગ્યાથી સાંજે ૬ વાગ્યા સુધી મતદાન કરી શકશે. ત્યાં જ ૬ મહાનગરપાલિકાની મતગણતરીની તારીખ ૨૩/૨/૨૦૨૧ અને ૩૧ જિલ્લા પંચાયત, ૨૩૧ તાલુકા પંચાયત અને ૮૧ નગર પાલિકાની ચૂંટણીની મતગણતરી ૦૩/૦૨/૨૦૨૧ના રોજ હાથ ધરાશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, રાજયની મહાનગરપાલિકાઓ, નગરપાલિકાઓ, જિલ્લા પંચાયતો અને તાલુકા પંચાયતોની મુદત છેલ્લા એક માસથી પૂર્ણ થઈ ગઈ છે. ત્યારે આજે રાજ્ય ચૂંટણી પંચ દ્વારા આ સ્થાનિક સ્વરાજની સંસ્થાઓની ચૂંટણી જાહેર કરવામાં આવી છે. રાજ્યની ૩૧ જિલ્લા પંચાયતો, ૨૩૧ તાલુકા પંચાયતો, ૮૩ નગરપાલિકાઓ અને ૬ મહાનગરપાલિકાઓ મુદત પૂર્ણ થઈ જતાં હાલ વહીવટદાર શાસન છે.

અત્રે ઉલ્લેખનીય છે કે કોરોના કાળમાં આ ચૂંટણી જીતવા ભાજપ અને કોંગ્રેસે છેલ્લા એક મહિનાથી કવાયત હાથ ધરી છે. ઉમેદવારો નક્કી કરવા માટે નિરીક્ષકોની નિમણૂંક સહિતની કામગીરી પૂર્ણ થઈ ચૂકી છે. બન્ને પક્ષો હાલ ચૂંટણી જાહેર થવાની રાહ જોઈ રહ્યાં છે. કોરોનાના લીધે એક તબક્કે બન્ને પક્ષોમાં મતદાન પર અસર થવાનો ડર પણ વ્યાપેલો છે.

## નેતાજીનો ત્યાગ

● અનુસંધાન પહેલાનું ચાલુ

પડકારવાના પ્રયાસો જ્યાં થયાં, ભારત તેનો કરારો જવાબ આપી રહ્યું છે. મને નેતાજીની તે વાત સૌથી વધુ પ્રભાવિત કરે છે તે છે પોતાના લક્ષ્ય માટે સતત પ્રયાસ. પોતાના સંકલ્પોને સિદ્ધિઓ સુધી લઈ જવાની તેમની ક્ષમતા અદભૂત હતી.

મોદીએ કહ્યું- લાલ કિલ્લા પર નેતાજીએ ધ્વજ ફરકાવવાનું જે સ્વપ્ન જોયું હતું તે સપનાને અમે પૂર્ણ કર્યું. મેં જ્યારે લાલ કિલ્લા પર ધ્વજ ફરકાવ્યો હતો, ત્યારે મેં તેને મારા માથા પર મૂક્યો હતો. મારા મનમાં એક અલગ જ લાગણી હતી. નેતાજી અંગે વિચારી રહ્યો હતો જે તેઓ જીવનભર આટલું સહન કેમ કરતાં રહ્યા, આમરણાંત અનશન કરતાં રહતા, મહિનાઓ સુધી જેલમાં સજા કાપતા રહ્યા. આ બધુ અમારા અને તમારા માટે. જેથી, આપણે આઝાદ ભારતમાં શ્વાસ લઈ શકીએ. દરેક ભારતીય નેતાજીના ઋણી છે. આ ઋણ આપણે કેવી રીતે ચુકવીશું? શું આપણે ક્યારેય ચુકવી પણ શકીશું?

મોદીએ કહ્યું, 'નેતાજીની વ્યાખ્યા માટે શબ્દો ઓછા પડે. એટેલાઈ દૂરની દ્રષ્ટિ કે ત્યાં સુધી જોવા માટે અનેક જન્મ લેવા પડે. મુશ્કેલમાં મુશ્કેલ સંજોગોમાં પણ એટલી હિંમત કે વિશ્વનો સૌથી મોટો પડકાર પણ ટકી ન શકે. હું તેમના ચરણોમાં નમન કરું છું અને નમન કરું છું તે માતાને જેમણે નેતાજીને જન્મ આપ્યો હતો.

મોદીએ કહ્યું હતું કે, મિત્રો, આજે બાળક સુભાષને નેતાજી બનાવનારી બંગાળની આ પુણ્ય ભૂમિણે પણ આદરપૂર્વક નમન કરું છું. આ તે જ પવિત્ર ભૂમિ છે, જેણે દેશને તેનું રાષ્ટ્રગીત પણ આપ્યું છે. હાવડા-કાલકા મેલનું નામ પણ નેતાજી એક્સપ્રેસ કરવામાં આવ્યું છે. દેશ તે પણ નક્કી કર્યું છે કે દર વર્ષે આપણે નેતાજીની જન્મજયંતિ પરાક્રમ દિવસ તરીકે મનાવીશું.

# કઠુઆના હીરાનગરમાં સુરંગ મળી, દસ દિ'માં બીજી સુરંગ

**ભારતમાં ઘૂસણખોરીનો પાક. આતંકીઓનો પ્રયાસ : હીરાનગર બોર્ડર પર હવે પંજાબથી જોડાયેલ પાનસર અને પહાડપુરની વચ્ચે ઝીરો લાઈન, તારબંધી વચ્ચે ટનલ મળી**

જમ્મુ, તા. ૨૩

પાકિસ્તાન આતંકવાદીઓની જમ્મુ-કાશ્મીરમાં ઘુષણખોરી કરવાની નાપાક કોશિશોમાં લાગેલું છે. અને એ જ કારણ છે અવારનવાર પાકિસ્તાન સીમા પાસેના વિસ્તારોમાંથી પાકિસ્તાની સૈનિકો દ્વારા બોર્ડર સીઝફાયર ઉલ્લંઘન કરીને ગોળીબાર કરવો અને સુરંગોના રસ્તેથી આતંકવાદીઓની ઘુષણખોરી કરવાની ઘટનાઓને ભારતના સતર્ક જવાનોએ નિષ્ફળ બનાવી દીધી છે. શનિવારે કઠુઆના હીરાનગરમાં આઈબીની પાસે પાનસર વિસ્તારમાં એક સુરંગ મળી છે.

જાણકારી અનુસાર હીરાનગર ઈન્ટરનેશનલ બોર્ડર પર હવે પંજાબથી જોડાયેલ પાનસર અને પહાડપુરની વચ્ચે ઝીરો લાઈન અને તારબંધી વચ્ચે ટનલ મળી છે. હીરનગરમાં ૧૦ દિવસોની અંદર પાકિસ્તાન તરફથી ખોદવામાં આવેલી આ બીજી ટનલ મળી છે. ૪ દિવસ પહેલાં આ જ સથળે એક મોટો ખાડો મળ્યો હતો. સુરંગની તપાસ અધિકારીઓએ શરૂ કરી દીધી છે.

૧૩ જાન્યુઆરી બોબિયા ક્ષેત્રમાં દોઢસો મીટર લાંબી ટનલ મળી હતી, ૧૮ નવેમ્બર ૨૦૨૦એ સાંબામાં આંતરરાષ્ટ્રીય સીમા પાસેના ગામમાં સુરંગ મળી હતી. ઓગસ્ટ ૨૦૨૦એ સાંબામાં પાકિસ્તાન દ્વારા આતંકવાદીઓની ઘુષણખોરીના ઈરાદે સુરંગ મળી હતી, ૧૪ ફેબ્રુઆરી ૨૦૧૭એ રામગઢના ચમલિયાલ ગામના છન્ની ફતવાલમાં ૨૦ મીટર લાંબી સુરંગ મળી હતી, વર્ષ ૨૦૧૬માં આરએસપુરાના અલાહ માઈ દે કોઠેમાં પાકિસ્તાન દ્વારા બનાવેલ સુરંગ મળી હતી.



ઉત્તરાર્ધ મહોત્સવ : મોઢેરાના સૂર્યમંદિરના પ્રાંગણમાં લોકપ્રિય ઉત્તરાર્ધ મહોત્સવ શનિવારે સાંજે યોજાયો હતો. દેશની પ્રસિદ્ધ નૃત્યાંગનાઓએ અલગ-અલગ શૈલીના નૃત્ય રજૂ કરીને પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કર્યા હતા. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ મહોત્સવને વિડીયો કોન્ફરન્સના માધ્યમથી ઉદ્‌ઘાટન કર્યું હતું. સમગ્ર કાર્યક્રમ ઓનલાઈન રજૂ થયો હતો.

# પ્રાંતિજ ખાતે સાંસદની ગ્રાન્ટમાંથી આવેલ એમ્બ્યુલન્સ વાનનું લોકાર્પણ કાર્યક્રમ યોજાયો

**સાંસદ, ધારાસભ્ય, પૂર્વ મંત્રી, નગરપાલિકાના પ્રમુખ-ઉપપ્રમુખ સહિત નગરપાલિકાના કોર્પોરેટરો ઉપસ્થિત રહ્યા : એમ્બ્યુલન્સ માટે સાંસદની ગ્રાન્ટમાંથી ૧૬ લાખ ૪૬ હજાર ફાળવવામાં આવ્યા**

પ્રાંતિજ, તા. ૨૩

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે સાબરકાંઠા-અરવલ્લી સાંસદની ગ્રાન્ટમાંથી આવેલ એમ્બ્યુલન્સ વાનનું



લોકાર્પણ કાર્યક્રમ યોજાયો હતો.

પ્રાંતિજ નગરપાલિકા ખાતે પ્રાંતિજ નગરપાલિકામાં છેલ્લા કેટલાય વર્ષોથી નગરપાલિકામાં આવેલ એમ્બ્યુલન્સ વાન બંધ પડી સહિત ખોટખાઇ જતા નગરપાલિકા દ્વારા નગરજનોના સ્વાસ્થ્યની ચિંતા કરીને સાબરકાંઠા-અરવલ્લી સાંસદ પાસે તેમની ગ્રાન્ટમાંથી એમ્બ્યુલન્સ ફાળવવા માટે માંગણી કરી હતી જેને લઈને સાબરકાંઠા-અરવલ્લી સાંસદ દ્વારા તેમની ગ્રાન્ટમાંથી ૧૬ લાખ ૪૬ હજારની ગ્રાન્ટ એમ્બ્યુલન્સ માટે ફાળવવામાં આવી હતી. નગરપાલિકા દ્વારા સાંસદની ગ્રાન્ટમાંથી નવી આવેલ આધુનિક ટેકનોલોજીવાળી એમ્બ્યુલન્સ વાનનું આજરોજ નગરજનોને ઝડપી એમ્બ્યુલન્સ સેવા મળી રહે તે માટે એમ્બ્યુલન્સનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું, જેમાં સાબરકાંઠા-અરવલ્લી સાંસદ, પ્રાંતિજ તલોદના ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમાર, પૂર્વ શિક્ષણ મંત્રી તથા ખેડા જિલ્લાના પ્રભારી જયસિંહ ચૌહાણ, નગરપાલિકાના મુખ્ય અધિકારી ઉર્મિલાબેન સુમેસરા, નગરપાલિકાના પ્રમુખ દિપકભાઇ કડીયા, ઉપપ્રમુખ જગદીશભાઇ કિમતાણી, ભાજપ શહેર પ્રમુખ નિત્યાનંદભાઇ બ્રહ્મભટ્ટ, તાલુકા પ્રમુખ બળવંતભાઇ પટેલ, મહામંત્રી ગીરીશભાઈ પટેલ, નિકુંજભાઇ રામી, બાંધકામ સમિતિના ચેરમેન રાજેશભાઈ ટેકવાણી, નગરપાલિકાના કોર્પોરેટરો સહિત ભાજપ આગેવાનો કાર્યકરો તથા નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન નગરપાલિકાના પૂર્વ પ્રમુખ અરવિંદભાઇ પરમાર દ્વારા કરવામાં આવ્યું હતું.

# પાલનપુરમાં પૂર્વ પ્રેમીની પત્ની સહિત પરિવારે પરિણીતાને માર માર્યો હોવાની ફરીયાદ

પાલનપુર શહેરની એક મહિલા અગાઉ ગોબરી રોડ પર રહેતાં સતીષભાઇ ઉર્ફે સુર્યવીર કમલેશભાઇ ઓડ (વાવરૂ) સાથે પ્રેમસંબંધમાં હતી. આ દરમ્યાન મહિલાના લગ્ન થયા બાદ તેના પ્રેમીને લઈ પતિ સાથે માથાકૂટ થતાં તેને એકાદ વર્ષ પહેલાં સંબંધ કાપી નાંખ્યો હતો. જે બાદમાં અચાનક ૧૨ જાન્યુઆરીએ તેના પુર્વ પ્રેમીની પત્નિ સહિતના આરોપીઓ તેના ઘરે પહોંચ્યા હતા.તે પરણિતા ફલેટમાંથી નીચે આવતાં આરોપીઓએ કહેલ કે, તુ હજી કેમ સતીષને બોલાવે છે? જેથી ફરીયાદી મહિલાએ કહેલ કે, છેલ્લાં એકાદ વર્ષથી મે તેની સાથે સંબંધ તોડી નાંખેલ હોવાથી હું તેને બોલાવતી નથી.

સતીશ કમલેશભાઈ ઓડ સહિતના આરોપીઓએ ઉશ્કેરાઇ જઇ તેણીને ગાળો બોલી ગડદાપાટુનો માર માર્યો હતો. આ સાથે તેના એક્ટિવાને પણ ૧૫૦૦ નું નુકશાન કર્યુ હોવાનું ફરિયાદમાં લખાવ્યુ છે. જે બાદમાં આરોપીઓએ મહિલાને ફલેટના રસ્તેથી ઢસેડી દિલ્હી ગેટ સુધી લઈ જઇ ત્યાંથી રીક્ષામાં બેસાડી મહિલા પોલીસ સ્ટેશને મુકી જતાં રહ્યાં હતા.

# ડીસા તાલુકાના ધાડા ગામે યુવકને માર માર્યો ત્રણ સામે પોલીસ ફરીયાદ

ડીસા તાલુકાના ધાડા ગામે ડેરી આગળ ઉભેલા યુવકને ત્રણ ઈસમોએ ગડદાપાટુનો માર માર્યો હોવાની ઘટના પ્રકાશમાં આવી છે. ગઈકાલે સવારે ફરીયાદી યુવક ગામની ડેરી પાસે ઉભો હતો. આ દરમ્યાન ગામના ત્રણ ઈસમોએ કહેલ કે, તું કેમ અહીં ઉભો છે ? જેથી ફરીયાદીએ કહેલ કે, હું નોકરી જવા ઉભો છુ. આ તરફ ઉશ્કેરાયેલાં આરોપીઓએ ફરીયાદીને ગાળો બોલી, લાફો મારી અને ગડદાપાટુનો માર માર્યો હોવાને લઇ યુવકે ત્રણ ઈસમો સામે પોલીસ ફરીયાદ નોંધાવી છે.

બનાસકાંઠા જીલ્લાના ડીસા તાલુકાના ધાડા ગામના અજમલસિંહ વાઘેલા ડીસા નોકરી જવા ગામની ડેરી આગળ ઉભો હતો. આ દરમ્યાન ગામના નરપતસિંહ વાઘેલા, રજુસિંહ વાઘેલા અને કિરણસિંહ વાઘેલાએ આવીને પુછેલ કે, કેમ અહીં ડેરી પાસે ઉભો છે ? જેથી તેમણે કહેલ કે, હું નોકરી જવુ છુ. આ તરફ આરોપીઓએ ઉશ્કેરાઇ જઇ ગાળાગાળી કરી લાફા માર્યા હતા.

સૂત્રોએ જણાવ્યું હતુ કે, એક ઈસમે ફરીયાદીને બાથમાં પકડી રાખતાં અન્ય ઈસમોએ ગડદાપાટુનો માર માર્યો હતો. આ સાથે ફરીયાદીએ બુમાબુમ કરતાં આસપાસના લોકો દોડી આવતાં તેને વધુ મારમાંથી બચાવ્યો હતો. આ તરફ આરોપીઓએ જતાં જતાં હવે લાગ મળેથી તને જાનથી મારી નાંખીશું તેવી ધમકી આપી હતી. જેને લઈ ફરીયાદીએ તમામ ઈસમો સામે ડીસા રૂરલ પોલીસ મથકે ફરીયાદ દાખલ કરાવી છે.

# પાલનપુર ખાતે પડતર માંગણીઓને લઈને માજી સૈનિકોએ કલેકટરને પાઠવ્યું આવેદનપત્ર

**વિવિધ ૧૪ માંગણીઓને લઈને અવાજ ઉઠાવતા માજી સૈનિકો**

પાલનપુર ખાતે આજે માજી સૈનિકોએ પોતાની પડતર માંગણીઓને લઈને કલેક્ટરને આવેદનપત્ર આપી ન્યાયની ઉકેલ આવે તેવો અનુરોધ કરવામાં આવ્યો હોવાનું માજી સૈનિક સંગઠન બનાસકાંઠાના પ્રમુખ પંકજ સોલંકીએ જણાવ્યું હતું.




ગુહાર લગાવી હતી.

માજી સૈનિક પરિવારો પોતાની માગણીઓને લઈને છેલ્લા કેટલાક વર્ષોથી સરકાર સામે રજૂઆત કરી રહ્યા છે. પરંતુ સરકાર દ્વારા કોઈ યોગ્ય પ્રતિસાદ ન મળતા માજી સૈનિકોએ પણ હવે અવાજ ઉઠાવ્યો છે આજે બનાસકાંઠાના માજી સૈનિકો પાલનપુર દોડી આવ્યા હતા. જ્યાં તેઓએ પોતાના પડતર પ્રશ્નોને લઈને કલેકટરને આવેદનપત્ર પાઠવ્યું હતું. જેમાં માજી સૈનિકો દ્વારા પોતાની માગણીઓનો જલ્દી

માજી સૈનિકો દ્વારા કરાયેલી મુખ્ય માગણીઓમાં શહીદ સૈનિકોના પરિવારને રૂપિયા ૧ કરોડની આર્થિક સહાય અને તેમના પરિવારના એક સભ્યને સરકારી નોકરી તથા રાજ્ય સરકાર તરફથી પેન્શન આપવામાં આવે. આ ઉપરાંત માજી સૈનિકોને જીવન નિર્વાહ માટે ખેતીની જમીન અને રહેણાંકના હેતુ માટે પ્લોટ આપવા સહિતની ૧૪ જેટલી માંગણીને લઈને માજી સૈનિકોએ પણ હવે પોતાના હક માટે અવાજ ઉઠાવ્યો છે.

## છેલ્લે... છેલ્લે...

- કોરોના વાયરસના નવા સ્ટ્રેઈનથી સંક્રમિતોની સંખ્યા ૧૫૦ પર પહોંચી.
- કોલકત્તામાં મમતા બેનર્જીનો નવ કિ.મી. લાંબો રોડ શૉ યોજાયો.
- ભારત-ઈંગ્લેન્ડ વચ્ચેની પ્રથમ બે ટેસ્ટ મેચમાં પ્રેક્ષકો નહી હોય. ખાલી સ્ટેડીયમમાં મેચ યોજાશે.
- સુરત રીવર ફ્રન્ટ માટે વર્લ્ડ બેંકની ૧૯૯૧ કરોડની લોક મંજૂર થઈ.
- રાહુલ ગાંધી ત્રણ દિવસ માટે દક્ષિણ ભારતના પ્રવાસે.
- રાજકોટના સાંસદ મોહન કુંડારીયા કોરોનાથી સંક્રમિત.
- સિંધુ બોર્ડર પર ખેડૂત નેતાઓ પર ગોળી ચલાવવાનુ કાવતરૂ પકડાયુ.

## અરવલ્લી જિલ્લાના બાયડમાં ટ્રાફિક સમસ્યાથી લોકો પરેશાન

અરવલ્લી જિલ્લાના બાયડમાં ટ્રાફિક જામ સર્જાય છે ત્યારે, ટ્રાફિક કર્મચારીઓની કામગીરી નબળી જણાઈ આવે છે. અને ઘણી વખતે ટ્રાફિક જામ સમયે ટ્રાફિક નિયમન કરવા માટે ટ્રાફિક પોલીસ કર્મીઓ ત્યાં હાજર પણ મળતાં નથી.જેને કારણે ઘણી વખતે નાના મોટા અકસ્માત સર્જાયાની ઘટનાઓ બને છે...

બાયડ પોલીસ સ્ટેશન વિસ્તારથી બસ સ્ટેન્ડ સુધી તેમજ બસ સ્ટેન્ડ પર આવેલા ત્રણ રસ્તાપર રોજના ટ્રાફિક જામને લઈને વાહન ચાલકો તેમજ સ્થાનિક લોકો પરેશાનીનો સામનો કરી રહ્યા છે.માટે તંત્ર દ્વારા બાયડમાં કાયમી ટ્રાફિક સમસ્યાનો નિકાલ કરવામાં આવે તે જરૂરી છે.

## કૈલાશ માનસરોવર મુક્તિ આંદોલન સમિતિ ગુજરાત પ્રદેશ મંત્રી તરીકે નિયુક્તિ

બનાસકાંઠા જીલ્લાના જાણીતા હિંદુત્વ, જીવદયા માટે સતત અસરકારક કાર્ય કરતા અને પાલનપુર નગરપાલિકાના પૂર્વ કોર્પોરેટર અશોક ભાઈ પુરોહિતને ગુજરાત સરકારના પુર્વ નાયબ સચિવ અને કૈલાશ માનસરોવર મુક્તિ આંદોલન સમિતિ ગુજરાત પ્રદેશ મહામંત્રી રામસિંહજી માલીવાડજીની ભલામણથી કૈલાશ માનસરોવર મુક્તિ આંદોલન સમિતિ ગુજરાત પ્રદેશ અધ્યક્ષ મુકેશભાઈ દરજીએ અશોકભાઈ પુરોહિતની નિયુક્તિ કરતા રાજસ્થાન અને ઉત્તર ગુજરાતમાં એમના મિત્ર વર્તુળમાં આનંદની લાગણી છવાઈ અને અભીનંદનની વર્ષા થઈ રહી છે.

## પાલનપુર આઈ.એમ.એ.દ્વારા વેક્સીનેસન કાર્યક્રમ યોજાયો

વિશ્વભરમાં કોહરામ મચાવનાર કોરોના મહામારીને નાથવા માટે ભારતમાં કોરોના વેક્સીન તૈયાર થઈ ગઈ છે. ત્યારે ભારત સરકાર દ્વારા દુનિયાનું સૌથી મોટું રસીકરણ અભિયાન હાથ ધરાયું છે. તેના ભાગરૂપે આજે પાલનપુરના આરોગ્ય ધામ ખાતે ઈન્ડીયન મેડીકલ એસોસિએશન દ્વારા કોરોના વેક્સિનેશનનો કાર્યક્રમ યોજાયો હતો. કોરોનાની વૈશ્વિક મહામારીએ વિશ્વભરમાં હાહાકાર મચાવ્યો છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality | KisaN | ashirvad | Jaquar experience bathing | DR. FIXIT | TATA STEEL • PIPES • SHEETS | ET TMT BARS Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૯
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in

કેપિટલ ઓફસેટ®

AN ISO 9001:2015 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ